અપીલ અરજી નં.૪૧૭ તા.૨૫–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયા
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયાની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી ગ્રા.પંચાયત અમરોલી દફતરે રજીસ્ટર ગામ નમુનો–૨ માં ઘર નં.૧૮૩ રૂસ્તમજી કાવસજી અમરોલીયા વર્ષ ૧૯૫૧–૫૨ દરમ્યાન દફતરે નોંધાયેલ છે તે પહેલા ૧૯૩૪ થી ૧૯૫૧–૫૨ સુધી ની મિલ્કત રજીસ્ટરની સ્થિતિ માહિતી ઉતારાની પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૭/૨૦૧૦–૧૧

શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયાની તા.૨૮–૧૨–૧૦ની અરજીથી ગ્રા.પંચાયત અમરોલી દફતરે રજીસ્ટર ગામ નમુનો–૨ માં ઘર નં.૧૮૩ રૂસ્તમજી કાવસજી અમરોલીયા વર્ષ ૧૯૫૧–૫૨ દરમ્યાન દફતરે નોંધાયેલ છે તે પહેલા ૧૯૩૪ થી ૧૯૫૧–૫૨ સુધી ની મિલ્કત રજીસ્ટરની સ્થિતિ માહિતી ઉતારાની પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોનના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી/૬૩૪ તા.૨૭–૧–૧૧ થી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને એક માસના વિલંબથી તા.૨૫–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૧૧ તા.૩૦–૩–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજી આશરે એક માસના વિલંબથી કરેલ. આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ અપીલની સમય અવધિ જાહેર માહિતી અધિકારીના નિર્ણય પછી દિન–૩૦ ની છે તે પછી વિલંબિત અપીલ હોય તો વાજબીપણું –કારણો રજૂ કરવા આવશ્યક છે. જેને અનુલક્ષી તે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણુ રજુ કરવા તથા તેમણે અપીલ તબકકે રજૂ કરેલ દાવાનુસાર આકારણી અધિકારી જાણતા હતા તથા અરજી તબદીલ કરેલ નથી તે અંગે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર બાદ તેઓએ તલાટી–કમ–મંત્રી સમક્ષ અલગ અરજી કરેલ કે કેમ? તેઓની જાણ હેઠળ બાબત ધ્યાને લેતાં તેમ કરેલ હોય તો વિગત જણાવવા તથા તેમણે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર દફતરી તપાસણી કરેલ છે કે કેમ? ઉપલબ્ધ દફતર તપાસ્યા બાદ શી વિગતે નારાજગી છે? તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાંને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૧ તા. ૭–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ગ્રામ પંચાયત અમરોલીનું મિલ્કત રજીસ્ટરની નકલ, ચાર્જ યાદીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૬૩૪ તા. ૨૭–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૪–૧૧ તથા તા.૨૫–૪–૧૧ના રોજ પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી ગ્રા.પંચાયત અમરોલી દફતરે રજીસ્ટર ગામ નમુનો–૨ માં ઘર નં.૧૮૩ રૂસ્તમજી કાવસજી અમરોલીયા વર્ષ ૧૯૫૧–૫૨ દરમ્યાન દફતરે નોંધાયેલ છે તે પહેલા ૧૯૩૪ થી ૧૯૫૧ –૫૨ સુધી ની મિલ્કત રજીસ્ટરની સ્થિતિ માહિતી ઉતારાની પ્રમાણિત નકલો વારસાઈ હક હિસ્સાનો મુળ ભુત અધિકાર અંગે દાવા મુકદમા નં.૨૩૨/૭ અંતર્ગત રેકર્ડની જરૂરીયાત છે તેવું જણાવી સાથે સુમપા હદ વિસ્તરણ થવાથી ગ્રા.પ. અમરોલી (નગર પાલિકા) સુરત શહેરમાં સમાવેશ થયેલ અને તા.૧૭–૨–૦૬ થી ચાર્જ મેળવેલ છે તે ચાર્જની યાદીમાં પાના ંન.૮૫ ની ઉપર મિલ્કત રજીસ્ટર–૧ ચાર્જમા મેળવેલ છે તેવું જણાવતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૬૩૪ તા.૨૭–૧–૧૧ થી માંગેલ માહિતી બાબતે વોર્ડ સર્વેયર /કલાર્ક તરફથી રીપોર્ટ સહિતના રજૂ કરેલ માહિતી/પુરાવા મુજબ ઘર નં.૧૮૩, રૂસ્તમજી કાવસજી અમરોલીયા મિલ્કતના ગામ નમુના–૨ ઉતારાની ૧૯૩૪ થી ૧૯૬૨–૬૩ સુધીની નકલો માંગેલ છે તે બાબતે સદર માહિતી તલાટી કમ મંત્રી પાસે મળી શકે એમ છે તેમજ વર્ષ ૧૯૩૪ થી ૧૯૫૧–૫૨ દરમ્યાન મિલ્કત રજીસ્ટરો કતારગામઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેમજ ચાર્જ યાદીના પાના નં૮૫ ઉપર જણાવેલ મિલ્કત રજીસ્ટર કે જે સરકારી/પંચાયતની મિલ્કતનું છે તે રજીસ્ટરના પાના નંગ–૬ ની નકલો કચેરીના કામકાજના ચાલુ દિવસો દરમ્યાન સવારે ૧૧. ૦૦ થી સાંજે ૪.૩૦ (બપોરે ક.૦૨ઃ૩૦ થી ક.૦૩–૦૦ રીશેષ સમય સિવાય) દરમ્યાન કતારગામઝોને આકારણી અને વસુલાત વિભાગમાંથી તે અંગેના દસ્તાવેજી ખર્ચ રૂા.૧૨/– (પાના દીઠ રૂા.૨/–) જમા કરાવી મેળવી લેશો તેવો પ્રત્યુત્તર પાઠવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં અંશતઃ નિર્ણય સામે અનિર્ણિત વલણ ખોટું અર્થઘટન અરજી અન્ય સત્તા મંડળને દિન–૫ માં તબદીલ અને સમય મર્યાદામાં અપીલ દાખલ કરતાં અટકાવવા ૪૮ કલાકમાં નિર્ણય આપેલ નથી અને ખોટી માહિતી

પૂરી પાડવા આપેલ નિર્ણયને ગેરમાર્ગે દોરતી કામગીરી કરવાની રજૂઆત કરી તા.૨૫–૩–૧૧ થી અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.૧ ૩૦ દિવસની અંતિ અવધિના દિવસે અંશતઃ નિર્ણય આપી અરજી નકારવામાં આવી છે. (૨) અરજીનું મુલ્યાંકન સમયસર કરવામાં આવેલ નથી. આરટીઆઈ એકટની કાયદાકીય જોગવાઈ અનુસરી ૪૮ કલાકમાં નિર્ણય આપવાનો રહે. તેમ થયેલ નથી. (૩) માંગેલ માહિતી રેકર્ડ ઉપલબ્ધ ન હોય તો ગ્રા. પં. તરફથી ચાર્જમાં મળેલ ન હોય તો અરજી બીજા સત્તા મંડળને તબદીલ કરવી જોઈતી હતી પરંતુ તેમ થયેલ નથી. તેમ આરટીઆઈ કાયદાની જોગવાઈનો ભંગ કરવામાં આવેલ છે. (૪) અરજી અંગે ખોટું અર્થઘટન કરી પૂર્વગ્રહ થી અરજી અનિર્ણિત રાખી બીજા સત્તા મંડળ પાસે જતાં અટકાવેલ છે. (૫) પૂર્વ ગ્રા. પં. અમરોલી નો માંગેલ માહિતીનો ભૌતિક રેકર્ડ ચાર્જમાં આપવામાં આવેલ નથી. તે અંગેની સાચી હકીકતની નાણકારી આકારણી અધિકારી પાસે પહેલેથી છે તેમ છતાં હકીકત છુપાવવામાં આવેલ છે તેવો પત્ર ક્રમાંક એન.ઝેડ/એઆરડી/ ૬૩૪ તા.૨૭–૧–૧૧ થી આપેલા નિર્ણયથી ફલિત થાય છે. (૬) અરજીનું ખોટું અર્થઘટન કરી માંગેલી માહિતીને બદલે ગ્રા. પં. હેઠળની માલિકી અંગેની માહિતી પૂરી પાડવા પત્ર નં. એન.ઝેડ/એઆરડી/ ૬૩૪ તા.૨૭–૧–૧૧થી પ્રત્યુત્તર પત્રનો આગ્રહ કરેલ. જે માહિતી માંગણી મુજબ ન હોઈ મેળવી લેવામાં આવેલ નથી કે ખોટી માહિતી મેળવી લેવામાં આવે તો અરજદારને અન્યાયકર્તા છે.(૭) ઉકત સંદર્ભે ખોટી માહિતી સ્વીકાર કરવામાં આવે તો અરજદારને માહિતી ઉપલબ્ધ કરી આપવા છતાં તે લેવામાં આવેલ નથી તેવો આક્ષેપ થાય. (૮) આકારણી અધિકારી તથા ગ્રા.પં. ખાતાના નિતી નિયમો અને વહીવટી કામગીરીના જાણકાર અને બહોળો અનુભવ ધરાવતાં અને ગ્રા. પં માં ભૌતિક ચાર્જ આપનાર કર્મચારી તરફથી ઈરાદાપૂર્વક જાહેર માહિતી અધિકારીને ગેરમાર્ગે દોરતી કામગીરી કરેલ છે. ગ્રા. પં.અમરોલીનો ભૌતિક રેકર્ડને ચાર્જ આપનાર અને અરજદારની માંગણી કરેલ માહિતી દસ્તાવેજ સુધી ઉપલબ્ધ કરી આપવાની પ્રાથમિક આરંભની કામગીરી કરનાર એક જ કર્મચારી બંને કાર્યવાહી સંભારનાર ફરજ પર છે જે ઘણું સૂચક છે. (૯) અગાઉની પાંચ અરજીના કિસ્સામાં ખોટું અર્થઘટન કરેલ છે. અપ્રમાણિક સુજબુઝ થી અને ખોટા ઈરાદાથી કામગીરી કરે છે અને તેવી કામગીરી અંગે આકારણી અધિકારી માહિતગાર હોવા છતાં અન્યાકર્તાને લાભ અને પ્રોત્સાહન પુરું પાડવામાં આવેલ હોવાથી તેમાંથી પ્રેરણા લઈ સંદર્ભ અરજી નકારવાની એક સરખી કામગીરી થયેલ છે અને અરજી નકારવામાં આવેલ છે. (૧૦) ગ્રા. પં. અમરોલી હસ્તકોનો સુપ્રત કરેલ ભૌતિક ચાર્જની ચાર્જયાદી તપાસતાં આજની સ્થિતિ સમયે પણ માંગેલ રેકર્ડ દસ્તાવેજ કઈ ફાઈલ અને રજીસ્ટરમાંથી સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે તે અરજદારે નકકી કરી શોધવું મુશ્કેલ કાર્ય છે. જે નાણાકીય બોજો વધારનાર અને બગાડનાર છે. (૧૧) જાહેર માહિતી અધિકારી તરફથી ખોટું અર્થઘટન કરી માંગેલી માહિતી અંગે અંશતઃ નિર્ણય લેતાં પ્રત્યુત્તર તા.૨૮–૧–૧૧ ના સંદર્ભે રૂબરૂ હાજર રહી મુળ પત્ર ઉપર નોંધના રૂપમાં નારાજગી કરી આપેલ નિર્ણય અંગે ફેર વિચારણા કરવા વિનંતી કરેલ છે રેકર્ડ શોધી પુરાવા પાડવા અથવા યોગ્ય નિર્ણય આપવા આશ્વાસન આપેલ. પરંતુ ૪૫ દિવસથી પણ વધુ સમય વિલંબિત વ્યતિત થઈ ગયેલ છે અને અરજી અનિર્ણિત રાખેલ. તેવું જણાવી ગામના નમુના–૨ વર્ષ ૧૯૩૪ થી ૧૯૫૦–૫૨ સુધીની સ્થિતિની પ્રમાણિત ઉતારાની માંગણી કરેલ છે. જે બાબતે અત્રેથી અરજદારને અપીલ તબકકે અપીલ અરજી આશરે એક માસના વિલંબથી કરેલ. આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ અપીલની સમય અવધિ જાહેર માહિતી અધિકારીના નિર્ણય પછી દિન–૩૦ ની છે તે પછી વિલંબિત અપીલ હોય તો વાજબીપણું –કારણો રજૂ કરવા આવશ્યક છે. જેને અનુલક્ષી તે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણુ રજુ કરવા જણાવવામાં આવેલ. વધુમાં તેમણે અપીલ તબકકે રજૂ કરેલ દાવાનુસાર આકારણી અધિકારી જણાતા હતા તથા અરજી તબદીલ કરેલ નથી તે અંગે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર બાદ તેમણે તલાટી–કમ– મંત્રી સમક્ષ અલગ અરજી કરેલ કે કેમ? તેઓની જાણ હેઠળ બાબત ધ્યાને લેતાં તેમ કરેલ હોય તો વિગત જણાવવા તથા તેમણે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર દફતરી તપાસણી કરેલ છે કે કેમ? ઉપલબ્ધ દફતર તપાસ્યા બાદ શી વિગતે નારાજગી છે? તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે વિલંબ અંગે (૧) ૩૦ દિવસની સમય મર્યાદાની અંદર માહિતીનો પ્રતિભાવ આપવામાં આવ્યો નથી અને માહિતી સુલભ કરાવી નથી.(૨) માંગેલ માહિતીની માહિતી પૈકી અંશતઃ ભાગ પુરો પાડવાનો નિર્ણય/પ્રસ્તાવ તા.૨૭–૧–૧૧ એન.ઝેડ/એઆરડી/૬૩૪ થી પૂરો પાડવામાં આવેલ છે જે ૩૦ દિવસની અવધિ પૂરી થયા બાદ નિર્ણય જાહેર કરેલ છે જે ફલિત થાય છે. જે અંગે તા.૨૮–૧–૧૧ ના રોજ હાજર રહેલ અને આકારણી વિભાગે આપવા ધારેલી માહિતી કોઈ અન્ય બાબત સંબધી છે અને માંગ્યા મુજબ અને ચોકકસ સ્વરૂપમાં માંગવામાં આવેલ માહિતી જણાવેલ નહીં. માંગેલ માહિતી સિવાયનો ઉપલબ્ધ કરેલ ખોટો રેકર્ડ સ્વીકારી લેવા જણાવેલ.પરંતુ માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવેલ હોય તે જ સ્વરૂપમાં પૂરી પાડવાની જોગવાઈ છે. જે સંદર્ભે આપેલ નિર્ણય/પ્રતિભાવ બદલ અમોએ નારાજગી વ્યકત કરી હતી તથા સ્પષ્ટતા કરી હતી. જેના પ્રત્યાઘાત રૂપે મૌખિક હકીકત અરજદારને જણાવેલ કે ગ્રા. પં. એકટ મુજબ વહીવટી નિયત પ્રિન્ટેડ નમુનાના રજીસ્ટરો ફોર્મ નિભાવણી અને જાળવણી કરનાર અને ગ્રા.પં નો ભૌતિક રેકર્ડનો ગ્રા. પં.. વતી ચાર્જ આપનાર અને ગ્રા. પં. રેકર્ડ જાણકાર કર્મચારીની બદલી થઈ ગયેલ હોય નવા કર્મચારી ગ્રા.પં ના વહીવટ રેકર્ડ વિગેરે જાણકાર હોતા નથી અને તેઓ રજા ઉપર છે તેમજ વસ્તી ગણતરીની કામગીરી પૂરી કરવાની હોય હાજર થયેથી ઘટતું કરવા જણાવેલ. જેથી માંગેલ માહિતીની ફેર વિચારણા કરી રાહ જોવામાં વધુ સમય થયેલ. માહિતી આપવા ન આપવાના નિર્ણય વિશે પુનઃ વિચરણાનો અધિકાર જાહેર માહિતી અધિકારીને પહોંચે છે. જે સાચી માહિતી ઉપલબ્ધ કરી આપવાનો શો હેતુ સ્વીકાર કરેલ અને માહિતી આપવા બાબતે થયેલ ખોટું અર્થઘટન અને થયેલ શરતચૂક અંગે આપેલ નિર્ણય અંગે પુનઃ વિચારણા કરી નિર્ણય સુધારો કરી આપ્યા મુજબની માહિતી આપવા તા.૨૮–૧–૧૧ નોંધ આપેલ. તેના પ્રત્યુત્તરની રાહ જોવામાં સમય થયેલ છે. માંગ્યા મુજબની માહિતી ચોકકસ સ્વરૂપમાં કયારે મળશે તે અરજદારને તેનું મહત્વ નથી માહિતી મળશે તે વધુ અગત્ય જણાતા તે અંગે ફેર વિચાણરના નિર્ણય, રાહ જોવામાં અરજદારનું હિત સમાયેલ છે તેવી

લાગણી થતા આકારણી ખાતાએ માંગેલ માહિતી ઉપલબ્ધ કરી આપવા વધુ સમય આપવામાં આવેલ. (૨) અરજદારને આકારણી અધિકારી જાણતા હતા તથા અરજી તબદીલ કરેલ નથી તે અંગે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર બાદ તલાટી કમ મંત્રીને અલગ અરજી કરેલ છે કે કેમ? તે પ્રશ્ન બાબતે અરજદારે અલગથી અરજી કરેલ નથી તેવું જણાવેલ છે. (૩) જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર દફતરી તપાસણી કરેલ છે કે કેમ તેવા પ્રશ્ન બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. દફતર તપાસણી કરેલ નથી. દફતર તપાસણી પ્રસ્તાવ અરજદારે રજૂ કરવામાં આવેલ નથી રેકર્ડ ઈન્સ્પેકશન માટે બોલવામાં આવેલ નથી. (૪) અરજદારે દિન–૫ બાદ ટપાલ મળે તે બાબતે અરજદારની કોઈ ક્ષતિ જણાતી નથી તેથી તે અંગે દરગુજર કરવા જણાવેલ છે તેનો હેતુ જળવાય રહે મુદતમાં અપીલ કરેલ છે. મુદતમાં કરેલ અપીલ ધ્યાનમાં લેવા જરૂર છે. ત્યાર બાદ અરજદારે તેમના તા.૭–૪–૧૧ ના પત્રમાં જાહેર માહિતી અધિકારીએ તા.૨૭–૧–૧૧ આપેલ નિર્ણય બાબતે મુદ્દા નં.(૧) વર્ષ ૧૯૩૪ થી ૧૯૫૧–૫૨ દરમ્યાન મિલ્કત રજીસ્ટરો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તે બાબતે સદર માહિતી તલાટી કમ મંત્રી પાસેથી મળી શકે એમ છે તેવું કયા દસ્તાવેજના આધારે અરજદારને જણાવવામાં આવી. (૨)આકારણી અધિકારીને રેકર્ડ ઉપલબ્ધ નથી તે હકીકતની જાણ કયારે થઈ કેવી રીતે થઈ (૩) માંગેલ માહિતી અંશતઃ ભાગ અંગે તલાટી કમ મંત્રી ને દિન–૫ માં અરજી તબદીલ કરવી જોઈતી હતી તેમ કરેલ નથી. (૪) ૧૯૫૨–૫૩ થી ૧૯૬૨–૬૩ સુધી અંશતઃ ભાગની આકારણી વિભાગ પાસે ઉપલબ્ધ છે તેની જાણ કયારે કેવી રીતે અને કયા દસ્તાવેજોથી ઉપલબ્ધમાં થઈ છે અને ખરાઈ કરી કયા રેકર્ડ પુરાવા આધારે આપવા ધારેલ છે. (૫) અરજદારે માંગેલ સ્વરૂપો રેકર્ડ ૧૯૩૪ થી ૧૯૫૧–૫૨ સુધી રેકર્ડ ઉપલબ્ધ નથી તેના કારણો તા.૨૭–૧–૧૧ ના પત્રમાં જણાવેલ નથી. (બી) માંગ્યા મુજબનો સ્વરૂપનો રેકર્ડ સને ૧૯૫૨–૫૩ થી ૧૯૬૨–૬૩ સુધીનો રેકર્ડનો અંશતઃ ભાગ તલાટી કમ મંત્રી પાસેથી મળી શકે એમ છે તેના આધાર સહિતના કારણો અરજદારને જણાવવામાં આવેલ નથી. (સી) જાહેર માહિતી અધિકારી આરટીઆઈ એકટની જોગવાઈઓ અનુસાર નિર્ણય માટેના કારણો તેમાં કોઈ પણ મહત્વનો પ્રશ્ન અંગે તારણો કઈ સામગ્રી ઉપર આધારીત છે તેનો ઉલ્લેખ કરવાનો રહે છે. જેનો ઉલ્લેખ અરજદારને નિર્ણય પત્રમાં જણાવેલ નથી. ઉપર મુજબના મુદ્દા નં.૧ થી ૫ અંગેના વિસંગતતાના તારણો સમીક્ષા અને એનાલીસીસ અરજદારને આકારણી વિભાગે ગ્રા. પં. અમરોલી તરફથી મેળવેલ ભૌતિક રેકર્ડની ચાર્જની યાદી તેઓના હાથ ઉપર ઉપલબ્ધ હોવા છતાં તેનો અભ્યાસ તપાસણી ખરાઈ કર્યા વિના અને ૩૦ દિવસમાં પૂરી પાડવાની મુદત વીતી ગયા બાદ માહિતીનો અંશતઃ ભાગ બિનજરૂરી વિલંબિત કરેલ છે જે ફલિત થાય છે. બાકીની અંશતઃ ભાગ અંગે અરજી નકારવામાં પણ બિન જરૂરી વિલંબ કરેલ છે. મુદ્દા નં.૨ ચાર્જ યાદીના પાના નં.૮૫ ઉપર જણાવેલ કે જે સરકારી /પંચાયતની મિલ્કતનું છે. પ્રશ્ન નં.૧ માંગ્યા મુજબ સને ૧૯૫૨–૫૩ થી ૧૯૬૨–૬૩ બંને પ્રકારના સરકારી/ પંચાયત રેકર્ડનો અંશતઃ ભાગ આકારણી વિભાગમાં ઉપલબ્ધ છે. તેવું માનવાને કારણ છે. અને જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તર પત્ર તા.૨૭–૧–૧૧ તી અનુમોદન મળેલ છે. જેથી માંગ્યા મુજબનો રેકર્ડ ખરાઈ કરી રેકર્ડ આપવાનો નિર્ણય આપવામાં આવેલ છે તેમ ફલિત થાય. તેમ છતાં માંગેલ સ્વરૂપનો રેકર્ડ ઉપલબ્ધ કરી આપેલ નથી. પાના નં.૮૫ ઉપર નિર્દિષ્ટ કરેલ મિલ્કત રજીસ્ટરમાં માંગેલ રેકર્ડ ઉપલબ્ધ છે કે કેમ? તેની ચકાસણી કરી લેવાની જવાબદારી આકારણી વિભાગની રહે છે. પ્રશ્ન નં. મુદ્દા નં.૩ અને ૪ ની અગાઉ રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૫ માં અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ તે પણ એક કારણ છે તેવું અરજદારે જણાવેલ છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવાની જોગવાઈ છે. પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકય ન હતો તો જ ૩૦ દિવસની મુદત વીતી ગયા પછી તેવી અપીલ સ્વીકારી શકશે. જે વિલંબિત અપીલ અંગે અરજદારની વિલંબ માફી રજૂઆતને આધારે તે ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન છે. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને પારદર્શીતાને ધ્યાને રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે.

અરજદારની અરજીથી અમરોલી મિલ્કત રજીસ્ટર ગામના નમુનો–૨ ઘર નં.૧૮૩ રૂસ્તમજી કાવસજી અમરોલીયાની વર્ષ ૧૯૫૧–૫૨ દરમ્યાન દફતરે નોંધાયેલ છે તે પહેલાની ૧૯૩૪ થી ૧૯૫૦–૫૧ઉતારાની ૧૯૩૪ થી ૧૯૬૨–૬૩ ની સુધીની મિલ્કત રજીસ્ટરની સ્થિતિની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારની આવેલી અરજીમાં સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારના ઘણા જુના સમયના રેકર્ડની માંગણી કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ તેવા રેકર્ડના ચાર્જની વિગતો શોધીને અરજદારને તા.૨૭–૧–૧૧ ના રોજ નિયત સમય અવધિના બીજા દિવસે અરજદારને માહિતી અંગે પત્ર પાઠવેલ છે. જેમાં ઉપલબ્ધ માહિતી અંગે માહિતી મેળવવાનું તથા અન્ય માહિતી માટે અન્ય સત્તા મંડળ તલાટી કમ મંત્રી પાસેથી મળી શકે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે કયા આધારે જણાવેલ છે તેવી પૃચ્છા કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ તે બાબત આરટીઆઈ એકટની કલમ–૬(૩) ની જોગવાઈઓ મુજબ લાગત સત્તા મંડળતે તબદીલ કરેલ નથી. જે બાબતે અરજદારે સદર માહિતી ૪૮ કલાક માં આપવાની માહિતીમાં સમાવેશ થતો હોઈ તેવું પ્રથમ દર્શીય રીતે જણાતું નથી. તેમજ અરજદારે તેવી માહિતી ૪૮ કલાકમાં આપવા અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી. વધુમાં અરજદારે નાણા ભર્યા વિના માહિતી બાબતે અનુમાનિત રજૂઆતો કરેલ છે અને ધારણા આધારીત રજૂઆત કરેલ છે. પરંતુ તેમને પૂરક વિગતોમાં જણાવ્યા મુજબ તા.૨૮–૧–૧૧ ના રોજ રૂબરૂ હાજર રહેલ અને આકારણી વિભાગે ધારેલ માહિતીની કોઈ અન્ય બાબત સંબધી છે અને ચોકકસ સ્વરૂપની માહિતી નથી અને ખોટો રેકર્ડ સ્વીકારવાનો ઈન્કાર કર્યાનું જણાવેલ છે. આમ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી

પૂરી પાડવાની જોગવાઈ છે. આમ અરજદારની રજૂઆતો જોતાં અરજદાર સુરત મહાનગરપાલિકાએ અમરોલી ગ્રા. પં. પાસેથી મેળવેલ રેકર્ડની ચાર્જયાદી તથા ચાર્જયાદી અંગેના રજીસ્ટરો, ફાઈલો અને દફતરી રેકર્ડનું ઈન્સ્પેકશન કરી માહિતીની ખરાઈ કરી શકે અને અરજદારને જોઈતી માહિતીના ઉતારા કે નકલ મેળવી શકે.

અરજદારની અપીલ તબકકે વિવિધ રજૂઆતો આરટીઆઈ કાયદાની જોગવાઈઓ સાથે તર્કસંગત અને બુધ્ધિગમ્ય જણાતી નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારની અગાઉની અપીલ અરજી નં.એસએમસી/એફએપી/ ૧૮૦ તા.૩–૯–૧૦ ના હુકમ નં.૭૯૧ તા.૧૨–૧૦–૧૦ માં આજ અમરોલીપાલીકા/પંચાયતના દફતર ચાર્જ યાદીની તપાસણીની તક સુનાવણી સાથે અપીલ અધિકારી સમક્ષ તેમના એડવોકેટ રૂબરૂ પણ આપવામાં આવેલ. તથા જાહેર માહિતી અધિકારી સમક્ષ પણ વિગતવાર તપાસણીની તક પણ અપીલ હુકમ અન્વયે પૂરી પાડવામાં આવેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર નિર્દિષ્ટ સમયનો રેકર્ડ ઉપલબ્ધ નથી તેની ખરાઈ ઝોનના દફતરે ઉપલબ્ધ રેકર્ડનું જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળ અમરોલી ગ્રામ પંચાયત ચાર્જ રજીસ્ટર તથા તેના રજીસ્ટર તથા ફાઈલોનું દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે અને ઉતારો પણ કરી શકે છે. અગર રજીસ્ટરની વિગતોની પ્રમાણિત નકલ મેળવી શકે છે. જે માટે અરજદારની વિલંબિત અપીલ ધ્યાને લેતાં કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી તથા પ્રમાણિત નકલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. તેમજ આપેલી માહિતીમાં તલાટી કમ મંત્રી પાસેથી જે માહિતી મળી શકે એમ છે તે અંગે આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ લાગત સત્તા મંડળને તબદીલ કરવા જણાવવામાં આવેલ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વલ્લભભાઈ પરસોત્તમભાઈ કંથારીયા,